ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૨/૨૩–૨૪/ 923 તારીખ : 17 MAY 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી કનૈયાલાલ બાબુલાલ ખંભાળીયા,**
**મું. લાઠીદડ,**
**તા.બોટાદ,**
**જી.બોટાદ.**

કેસ નં.૦૨/૨૩–૨૪

**મો.નં–૯૯૦૪૩ ૬૮૭૪૯**

**વિષય : મીટર ફોલ્ટ હોવા છતાં, મોટું બિલ આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૪/૦૩/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૩૧/૦૩/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૨/૨૩–૨૪/૭૦૯ તા.૦૧/૦૪/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૨/૨૩–૨૪/૭૪૭ તા.૧૫/૦૪/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૭/૦૪/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, **બોટાદ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૨/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી કનૈયાલાલ બાબુલાલ ખંભાળીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૭/૦૪/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી કનૈયાલાલ બાબુલાલ ખંભાળીયા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી વી.એસ.પટેલ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી કનૈયાલાલ બાબુલાલ ખંભાળીયાર, મું.લાઠીદડ, તા.બોટાદ, જી.બોટાદની મીટર ફોલ્ટ હોવા છતાં મોટું બિલ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૨/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૨/૨૩–૨૪/૭૦૯ તા.૦૧/૦૪/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૭/૦૪/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી કનૈયાલાલ બાબુલાલ ખંભાળીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી વી.એસ.પટેલ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો, શ્રી કનૈયાલાલ બાબુલાલ ખંભાળિયા પીજીવીસીએલ કંપની (ગ્રામ્ય) વિભાગના ઘર વપરાશના ગ્રાહક છીએ. મારો ગ્રાહક નં–૩૬૮૪૫/૦૦૪૪૨/૦ ધરાવીએ છીએ. મીટર નં–૨૨૮૫૬૯૩ છે.

૧.૨ આ અવાચ્ય મીટર બદલવા માટે કંપની તરફથી જયેશભાઈ આવેલા અને અમોએ તેમને મૌખિક રજુઆત કરેલ કે, આ મીટર અમારી રૂબરૂમાં પેપર સીલ કરીને લઈ જાવ તેઓએ અમોને જવાબ કરેલ કે, મીટર બોટાદ લેબોરેટરીમાં સીલ થઈ જશે પછી અમોને મીટર ખોલવા પરીપત્ર આપેલ.

૧.૩ અમો, લેબોલેટરીમાં હાજર થતા અમારા મીટર ઉપર પેપરસીલ હતું અને અમોને જણાવવામાં આવેલ કે, તમારી રૂબરૂમાં મીટર ખોલીએ છીએ અને મીટરમાં રીડીંગ અવાચ્ય દેખાય તો તમારે દંડ ભરવો પડશે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૪ સાહેબ અમો ખેતી મજુરી કરી પેટની રળતર કરી મજુરી કરીને આર્થિક પોઝીશન ધરાવતા હોઈએ અમારો નીભાવ ખર્ચ મંદ ભોગવી શકતો હોયતો આવા ખોટા દંડ ફટકારવામાં આવે તો આપ સાહેબ યોગ્ય તપાસ કરી અમોને દંડની સજામાંથી મુકિત આપવા દંડમાથી છોડાવવા દંડમાથી છુટકારો થાય તે માટે આપ સાહેબ ને નમ્ર નિવેદન સાથે ભલામણ કરી નમ્ર અપીલ અને નમ્ર વિનંતી કરીએ છીએ.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદાર બોટાદ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી હેઠળ આવેલ લાઠીદડ ગામમાં કનૈયાલાલ બાબુલાલ ખંભાળિયા નામથી ગ્રાહક નં–૩૬૮૪૫/૦૦૪૪૨/૦ થી ઘર વપરાશ હેતુ વીજ કનેકશન ધરાવે છે.

૨.૨ સદર ગ્રાહકનું વીજ બીલ બનાવવા તા.૧૮.૦૪.૨૦૨૨ ના રોજ સ્થળ પર જતા મીટરની ડિસ્પ્લે બંધ હોવાથી F મીટરનું બીલ મીટર રીડર દ્વારા આપવામાં આવેલ અને સદર ડિસ્પ્લે બંધ મીટર બદલાવવા તા.૧૨.૦૫.૨૦૨૨ ના રોજ રીપોર્ટ આપેલ.

૨.૩ સદર મીટરરીડર રીપોર્ટના આધારે ડિસ્પ્લે બંધ મીટર નં–૨૨૮૫૬૯૩ ગ્રાહકશ્રી ની હાજરીમાં પ્રફોર્મા નં–૬૦૫૬ થી તા.૧૮.૦૬.૨૦૨૨ ના રોજ બદલાવી કંપનીના નિયમોનુસાર પેપર પેક વધુ લેબ ચકાસણી અર્થે કબ્જે લેવામાં આવેલ.

૨.૪ જે મીટરની ચકાસણી ગ્રાહકશ્રીની હાજરીમાં કરવા તેમને લેબમાં ઉપસ્થિત રહેવા તા.૧૮.૦૬.૨૦૨૨ ના રોજ લેબ નોટીસ આપવામાં આવેલ અને તેમાં જણાવેલ તા.૨૩.૦૬.૨૦૨૨ના ગુરૂવાર અથવા તા.૩૦.૦૬.૨૦૨૨ ના ગુરૂવાર અથવા તા.૦૭.૦૭.૨૦૨૨ ના ગુરૂવાર રોજ લેબમાં હાજર રહેવા જણાવેલ.

૨.૫ લેબ નોટીસમાં આપેલ તારીખ–વારે ગ્રાહક લેબમાં તા.૨૩.૦૬.૨૦૨૨ ના રોજ હાજર રહેતા આ પેપર પેક મીટરની લેબ ચકાસણી તા.૨૩.૦૬.૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ અને તે દરમ્યાન મીટરના છેલ્લા રીડીંગ ૪૫૮૬ અને મીટર OK (બરાબર) માલુમ પડેલ હતું.

૨.૬ ઉપરોકત લેબ રીપોર્ટ મુજબ માલુમ પડેલ યુનિટ ૪૫૮૬ અગાઉનું રીડીંગ ૪૦૨૭ અગાઉ આપેલ એવરેજ (૧૩૦+૧૩૨ = નોંધાયેલ યુનીટ ૧૭=૨૪૫ યુનીટ)=૩૧૪ યુનીટના બીલ પેઠે ના રૂા.૧૯૬૪/૩૯ તેના ગ્રાહક ને ખાતે તા.૦૪.૧૦.૨૦૨૨ના રોજ ડેબિટ કરેલ.

આમ ગ્રાહકના સ્થળ પરના વીજ મીટરની ડિસ્પ્લે બંધ થવાથી અને લેબ ચકાસણી દરમ્યાન માલૂમ પડેલ રીડીંગ ના અનુસંધાને યુનીટ તફાવતના બીલની રકમ ગ્રાહકના ખાતામાં ડેબિટ કરેલ જે કંપનીના નિયમોનુસાર બરાબર છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી કનૈયાલાલ બાબુલાલ ખંભાળીયા લાઠીદડ ગામે ગ્રાહક નં–૩૬૮૪૫/૦૦૪૪૨/૦ થી ઘરવપરાશનું વીજ જોડાણ ધરાવે છે. તથા પ્રતિવાદી દ્વારા તા.૦૪.૧૦.૨૦૨૨ ના રોજ ૩૧૪ યુનીટના બીલ પેટે રૂા. ૧૯૬૪/૩૯ ઉધારવાની બાબતને લઈને વિવાદ થતા ફોરમને રજુઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૨ આજરોજ તા.૨૭.૦૪.૨૦૨૩ ની રૂબરૂ સુનાવણીમાં બન્ને પક્ષકારોએ હાજર રહી પોતાની રજુઆતો કરેલ છે.

૩.૩ વાદીના મીટરની ડીસ્પ્લે બંધ હોવાથી પ્રતિવાદીના મીટર રીડર દ્વારા F મીટરનું બીલ આપવામાં આવેલ તેમજ તા.૧૮.૦૬.૨૦૨૨ ના રોજ બદલાવી, વાદીની હાજરીમાં તા.૨૩.૦૬.૨૦૨૨ ના રોજ લેબ પરિક્ષણ કરતા મીટર OK આવેલ અને છેલ્લા રીડીંગ ૪૫૮૬ માલુમ પડેલ.

૩.૪ લેબ રીપોર્ટ મુજબના રીડીગ ૪૫૮૬ માંથી છેલ્લું અગાઉનું રીડીગ ૪૦૨૭ (જેમાં ૧૩૦+૨૩૨ એવરેજ અને ૧૭=૨૪૫ નોંધાયેલ)=૩૧૪ યુનીટના બીલ પેટે પ્રતિવાદીએ ૧૯૬૪.૩૯ ડેબીટ કરેલ છે

આ તબકકે ફોરમને જણાય છે કે, મીટર બદલ્યા બાદ પણ વપરાશની પેટર્ન સરખી છે અને મીટર OK હોઈ પ્રતિવાદીએ ઉધારેલ રકમ રૂા.૧૯૬૪/૩૯ યોગ્ય માલુમ પડે છે અને વાદીએ ભરવાપાત્ર છે.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન—૩, ત્રીજો માળ, બ્લોક નં—૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(એન.આઈ.ઉપાધ્યાય)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એન.સી.મકવાણા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :— ૨૭/૦૪/૨૦૨૩.